ॐ

સંક્ષિપ્ત

બારવ્રતની ટીપ.

તૈયાર કરનાર

પંન્યાસ મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી

પ્રકાશક

મેસર્સ મેઘજી હીરજીની કંપની

જૈન બુકસેલર્સ--પબ્લીશર્સ

પાયધૂની-મુંબઇ

વીર સં. [illegible]   સન ૧૯૧૧

કીંમત સવા આનો

[illegible] પ્રીન્ટીંગ પ્રેસ કાલબાદેવી રોડ નં. ૧૬૮ મા [illegible]

[illegible] માલિકને માટે છાપી

जैन धर्मना दरेक जातना तमाम पुस्तको मळवानुं तथा सर्व जातना पुस्तको बांधवानुं मोटुं स्थानुं तथा रबर स्टांप बनावनार

शा. मेघजी हीरजी एन्ड कं०

जैन बुकसेलर्स

ठे. पायधुनी मांगरोळ जैन सभा

नंबर ५६६ मुंबई.

ता. क.—जवाब माटे बे पैसानी टीकीट बीडवी

विनंति.

अमारी आ कंपनी साथे दरेक जैन बंधुने एक वखत काम पाडी खात्रीने अजमायश करवामां आवे छे. जैन भाईओनी मददनी अमोने जरूर, छे जैन भाईओना मददथीज अमो आ मोटुं साहस करवा छीए

વિનતિ

આવડી નાની ચોપડીને પ્રસ્તાવનાની ભાગ્યે જરૂર છે માત્ર વિનતિ કરવાની કે વ્યવહારિક પ્રવૃતિમાં આપણે એટલા બધા ગુંથાયા હોઇએ છીએ કે નિયમનો અમુક પ્રકારનો અંકુશ ન હોય તો અને તેવા નિયમની એક ટુંક નોંધ ન હોય તો આપણે મોટા ભુલાવામાં આવીએ છીએ. કાળ કાળનું કામ કર્યે જાય છે અને આપણને પસ્તાવાનો વખત આવે છે.

દુનીયાદારીના ઘણા કાર્યો એવા છે કે જે આપણે જાતે ન કરીએ તો પણ તેની રાવી આપણને લાગે છે તેથી ઘણી ઘણી છુટ રાખીને–આગાર રાખીને પણ જો વ્રત લેવામાં આવે તો પણ ઘણા પ્રકારની રાવીમાંથી બચી શકાય છે આ પ્રમાણે વિનતિ કરીને તેવા વ્રત નિયમની કંઇક અંશે અનુકુળતા કરવાની ખાતર આ નોંધ પોથી જેવું નાનું સરખું પુસ્તક સ્વધર્મી ભાઇઓને ઉપયોગી થાય એમ ઇચ્છું છું રાવી એટલે અમુક કાર્યના આરંભથી ઉપજતા પાપનો હિસ્સો.

જાહેર ખબર.

ધર્મસંગ્રહ ભાગ ૧ લો—આ ગ્રંથ મૂલ તથા ગુજરાતી ભાષાંતર સહિત છે

કીમત રૂ ૧.

આ ગ્રંથના માટે **મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજી** તરફથી મળેલ ઉત્તમ અભિપ્રાય અને મુનિવરો તથા શ્રાવકોને વિજ્ઞપ્તી

ધર્મસંગ્રહ નામનો ગ્રંથ બીજા પુસ્તકો સાથે મળ્યો વાંચનારને બોધદાયક છે, ગ્રંથ બહુ સારો અને ધર્મનો બોધ કરનારો રમણિય છે, તમામ શ્રાવકો અવશ્ય રાખવા લાયક છે. આવો મળેલો વખત જ્ઞાનને માટે ઉત્તમ છે ધર્મરત્ન પ્રકરણ અને ધર્મ સંગ્રહને કદી સાંભળવાને વખત પણ શ્રાવકને મળી શકે નહી તેના બદલે ગુર્જર ભાષામાં ઘેર બેઠાં ગંગા સમાન સાગર મળ્યો છે, તો તેનું સાર્થક થવું જોઇએ.

શ્રી બાર વ્રતની સંક્ષિપ્ત ટીપ.

સમ્યક્ત્વ.

---

૧ શુદ્ધદેવ—તે શ્રી અરિહંત બારગુંણે કરીને સહિત અને (અઢાર દુષણ રહિત) છે

જેમને જ્ઞાન, દર્શન, ચારિત્ર ક્ષાયિક ભાવે થઇ જેને અનંત ચતુષ્ટયી સંપૂર્ણ પ્રગટી છે. જે ચોત્રીશ અતિશયો યુક્ત છે. અને જે પાંત્રીશ ગુણયુક્ત વાણી વડે દેશના દે છે તે શુદ્ધદેવ જાણવા.

૨ શુદ્ધગુરૂ—તે પંચ મહાવ્રતના પાળવાવાળા સુ સાધુ.

જે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરીને આત્મ રમણમાં રમનારા, પાંચ ઇંદ્રિયોને દમન કરનારા અનેક

ટુ સહુ પરિષહને સહન કરનારા, મમતા રૂપી કાષ્ટથી બાળી-
ને ભસ્મ કરનારા, ક્ષણે ક્ષણે જ્ઞાનદર્શનાદિ ગુણપર્યાયે વધ-
નારા, દશવિધ યતિધર્મ પાલવામાં સાવધાન તે શુદ્ધગુરૂ કહેવાય

૩ શુદ્ધધર્મ —કેવળી ભાષિત. *

---

* જે શ્રી અરિહંત તીર્થંકર સમવસરણમા બેસીને બાર પરષદા મધ્યે શ્રી ગણપદ ધારીને ત્રિપદી (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય) તેના દાન પૂર્વક દ્વાદશાંગીની રચના કીધી ત્યા યથાર્થ અર્થના કરનાર શ્રી અરિહંત અને અર્થને અનુસરીને ગણધરોએ સૂત્રો રચ્યા તેને આગમ કહીએ એ આગમમા પ્રકાશ્યા જે ભાવ સકલ જીવોને દુર્ગતિમા પડતા અટકાવે તેને ધર્મ કહીએ. એવા ધર્મને સદ્દહુ

આ પ્રમાણે ત્રણ તત્વ મારે માનવા. અન્ય મિથ્યાત્વી દેવગુરૂ આદિકને કારણસર નમવું પડે તો વ્યવહાર સાચવવાની જયણા. સ્વલિંગી (વેષધારી) ને વ્યવહારથી તથા ઉપકાર બુદ્ધિથી વંદનાદિક કરવું પડે તેની જયણા. ભુલથી અતત્વને તત્વ અને અધર્મને ધર્મ મનાઇ જાય તેની જયણા.

રોજ સવારના બનતા સુધી ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચખાણ કરવું અને સાંજે દુવિહાર કે ચોવિહાર કરવો ન બને તો જયણા.

શકિત પ્રમાણે દર વર્ષે રૂા   સાત ક્ષેત્રમા વાપરવા. સાત ક્ષેત્રના નામ (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકા (૫) દેરાસર (૬) જૈન પ્રતિમા અને (૭) જ્ઞાન.

જયા દેરાસરનો જોગ હોય ત્યા રોજ એક વખત દર્શન કરવા અને પૂજાની જયણા. જે દિવસે દર્શન ન થઇ શકે તે દિવસે   નો ત્યાગ કરવો.

બારવ્રત.

૧ (દેશથકિ) પ્રાણાતિપાત વિરમણ વ્રત.

કોઇ ત્રસ જીવને જાણી જોઇને સંકલ્પીને ઇરાદાપૂર્વક હણવાની બુદ્ધિએ હણવા નહિ. ઘર, કુપ, તડાગાદિકમા આરંભ સમારંભે તથા વ્યાપારમા તેમજ ઓષધાદિકના પ્રયોગથી હણાય તેની જયણા *

---

* આ ખાની જગ્યામા પોતાને વ્રતના સંબંધમા વિશેષ લખવાની જરૂર હોય તો મુનિરાજને પુછીને લખી લેવું

૨ (દેશથકી) મૃષાવાદ વિરમણ વ્રત.

૧—કન્યાલિક[1] એટલે કન્યા સંબંધી સગપણ વિવાહાદિમા જુઠુ બોલવુ નહિ.

૨—ગવાલિક[2] એટલે ગાય પશુ આદિક ચોપગા જનાવર સંબંધી જુઠુ બોલવું નહિ.

---

૧ નની કન્યાને મોટી ન કહેવી અને મોટી કન્યાને નાની ન કહેવી વિગેરે કન્યાલિકમા દરેક બે પગવાળા સબંધી જુઠુ નહિ બોલવાનો સમાવેશ થાય છે પણ વ્રત લેનારને જેની અપેક્ષા હોય તેવી રીતે પચ્ચખાણ કરવુ

ગવાલીકમા દરેક ચાર પગવાળા પ્રાણી સબધી ખોટુ બોલવાનો સમાવેશ થાય છે, તો પણ વ્રત લેનારે ખાલી જગ્યામા આગાર રાખી લેવા, નાની ગાયને મોટીનકહેવી અને મોટીને નાની કહેવી, થોડા દુધવાળીને વધારે દુધવાળી કહેવી અને વધારે વેતરવાળીને ઓછા-વેતરવાળી કહેવી વિગેરે.

૩—ભૂમ્યાલિક એટલે ભૂમી, ખેતર, મકાન સબંધી જુઠું બોલવું નહિ

૪—થાપણમોસો એટલે પારકી થાપણ ઓળવવી નહિ.

૫—કુડી સાખ એટલે ખોટી સાક્ષી પુરવી નહિ.

કોઈને દેહાંત શિક્ષા (ફાંસીની) જેવા થતી હોય તે વેળા અસત્ય બોલાય તેની જયણા,

જૈન ધર્મ ઉપર પ્રેમવા મોહથી જે અસત્ય બોલાય તેની જયણા.

આ ઉપરાંત જેઓને વિશેષ છુટ રાખવાની જરૂર જણાય તેઓએ નીચે લખી લેવુ.

૧ પોતાની જમીન વગેરે બીજાની કહેવી, બીજાની જમીન વિગેરે પોતાની કહેવી

૩ (દેશથકી) અદત્તાદાન વિરમણ વ્રત

૧—ગાંઠ ન છોડવી.
૨—ખીસ્સો ન કાતરવો.
૩—ખાતર ન પાડવું.
૪—તાળું ન ભાંગવું
૫—લુંટ ન કરવી.
૬—કોઇની પડી રહેલી કીંમતી ચીજ લેવી નહિ.

આ ઉપરાંત જેઓને વિશેષ ત્યાગ કરવો હોય તેઓએ નીચેની જગ્યામા લખી લેવું.

૪ (દેશથકી) મૈથુન વિરમણ વ્રત.

સ્વસ્ત્રી (પોતાની પરણેલી) સિવાય પરસ્ત્રીનો સર્વથા કાયાથી ત્યાગ કરવો તેમજ તિર્યંચ તથા નપુંસક સાથે વિષયનો સર્વથા ત્યાગ કરવો

સ્વપ્નમાં પરસ્ત્રી સબંધ થવાથી જે મૈથુન દોષ લાગે તેની જયણા.

આઠમ ચોદશ આદિકના પચ્ચખાણ કરવા હોય તો નીચે લખી લેવું

---

૧ તેમજ સ્ત્રીઓએ (પરણેલા) પતિ સિવાય પર પુરૂષનો સર્વથા ત્યાગ કરવો

૫-(દેશથકી) પરિગ્રહ પરિમાણ વ્રત.

પરિગ્રહનુ નીચે પ્રમાણે પરિમાણ્ કરવુ

૧-રોકડા રૂ ખપે

૨-સ્થાવર મિલ્કત (ઘર હાટ વિગેરે) ની કીમત ના ખપે

૩-સોના રૂપાના દાગીના તથા ઝવેરાત રૂા ની કીમત ના ખપે

૪-નોકર ચાકર (સખ્યા

૫-સોના રૂપા સિવાય બીજી ધાતુ રૂા ની કીમત ના ખપે

૬-ફરનીચર રૂા ની કીમતનુ ખપે

૭-જનાવર (સખ્યા) ખપે

૮-તે સિવાય બીજી મીલ્કત રૂા સુધીની ખપે

ઉપરની મિલ્કત ખરીદતી વખતે જેટલા કીમતની તે હોય તેટલી કીમતનો હિસાબ ગણવો વ્યાપારને માટે જયણા

અથવા એકંદર[1] રીતે રોકડ, સ્થાવર, અને જંગમ મિલ્કત બધું મળીને રૂા [illegible] નું ખપ

---

૧ આ પ્રમાણે એકંદર નિયમ બનાવ્યા છે.

૬ દિશિ પરિમાણ વ્રત.

પૂર્વ દિશાએ	ગાઉ જવુ ખપે
અગ્ની ખૂણામાં	ગાઉ જવુ ખપે
દક્ષિણ	ગાઉ જવુ ખપે.
નૈઋત્ય	ગાઉ જવુ ખપે
પશ્ચિમ	ગાઉ જવુ ખપે
વાયવ્ય	ગાઉ જવુ ખપે
ઉત્તર	ગાઉ જવુ ખપે
ઇશાન	ગાઉ જવુ ખપે
ઉર્દ્ધ [ઉંચે]	ગાઉ જવુ ખપે
અધો [નીચે	ગાઉ જવુ ખપે

આ ઉપરાંત કાગળ, તાર અને છાપાઓ લખવાની અથવા લખાવવાની તેમજ માણસ મોકલવાની જયણા

૭ ભોગોપભોગ પરિમાણ વ્રત.

ભોગ એટલે એકવાર ભોગવાય તે જેમકે પુષ્પ વિલેપન ભોજન વિગેરે.

ઉપભોગ એટલે એકજ ચીજ બહુવાર ભોગવાય તે જેમકે વસ્ત્ર, અલંકાર, ઘર સ્ત્રી વિગેરે

ઉપર પ્રમાણે ભોગ અને ઉપભોગની વસ્તુનુ પરિમાણ કરવું તેને સાતમુ ભોગોપભોગ પરિમાણ વ્રત કહે છે

તેને માટે હમેશાં ચૌદ નિયમ ધારવા.

* ૧—સચિત્ત વસ્તુ રોજ ખપે

૨—દ્રવ્ય એટલે ખાવાપીવાના પદાર્થ રોજ ખપે

---

* ૧ પૃથ્વી-માટી મીઠુ વિગેરે

૨ પાણી-પીવા તથા નાવાને માટે પરિમાણ કરવુ.

૩ અગ્નિ-ચુલા, સગડી, ચુલ વિગેરેનુ પરિમાણ કરવુ.

૪ વાયુ-પંખા, હિંડોળા ખાટ વિગેરેનુ પરિમાણ કરવુ

૫ વનસ્પતિ-અમુક વનસ્પતિ ટીપમાંથી જે દિવસે જે ખાવી હોય તે ધારી લેવી

૩—વિગય[૪] એટલે ઘી, તેલ, દુધ, દહી, ગોળ અને કડાવિગય[૧] એ ૭ વિગયમાંથી એક વિગયનો પ્રત્યેક દિવસે ત્યાગ કરવો

૪—વાનહ એટલે ઉપાનહ—પગરખા, મોજા વગેરે જોડ ખપે

૫—તબોળ તે પાન સોપારી વિગેરે મુખવાસ ખપે

૬—વથ્થ એટલે વસ્ત્ર ખપે

૭—કુસુમ તે સુંઘવાની વસ્તુ ખપે

૮—વાહન[૨] એટલે ગાડી. વહાણ ઘોડા વિગેરે ખપે

૯—શયન એટલે શય્યા અને આસન ખપે

૧૦—વિલેપન તે શરીરે ચોપડવાની વસ્તુ ખપે

વિગયનો ત્યાગ બે પ્રકારે થઇ શકે છે [1] કાચી વિગયનો ત્યાગ એટલે દુધ વિગેરે મુળ પદાર્થનો ત્યાગ અને [૨] પાકી વિગયનો ત્યાગ એટલે મુળમાંથી બનેલા અનળા પદાર્થનો ત્યાગ જેમકે દુધપાક મિષ્ટાન્ન વિગેરે

૧ તળેલી ચીજો (પકવાન વિગેરે) તે ત્રણ ધાણ પહેલા સમજવુ

૨. ફરતુ, તરતુ અને ચરતુ

૧૧—બ્રહ્મચર્યનો નિયમ ધારી લેવે.
૧૨—દિશિ[1] તે દશે દિશાએ   કોશ જવુ
૧૩—ન્હાણુ તે રોજ   પ્રમાણ સ્નાન કરવુ
લોકાચારની જયણા
૧૪—ભકત તે ભોજન શેર   અને પાણી શેર
ખપે

[2]પંદર કર્માદાન.

૧ ઈંગાલ કર્મ—ચુનો, ઈંટ, નળીઆ, કોલસા, (ખાણમાંથી નીકળે તેની જયણા) ધુપેલ તેલ વિગેરે જે ચીજ ભઠીથી પાકતી હોય તેનો ભઠ્ઠી કરાવીને તથા પકાવીને વેપાર ન કરવો.

---

૧ છઠા વ્રતમા દિશિ પરિમાણ કરેલુ હોય તેમાથી ઓછુ કરવુ
૨ પંદર કર્માદાન માહેથી કોઇ પણ ચીજનો શેર, બોન્ડ રાખવા પડે તથા તેનો સટો કરવો પડે તેની જયણા

૨ વનકર્મ—તે પાન ફુલ, શાક, લાકડા વિગેરેનો વ્યાપાર ન કરવો સુકા લાકડાંના વ્યાપાર કરવાની જયણા

૩ સાડીકર્મ—ગાડા, હળ પ્રમુખ તૈયાર કરાવી તેનો વ્યાપાર ન કરવો

૪ ભાડીકર્મ—ગાડા ઘોડા વિગેરે ભાડે આપવાનો વ્યાપાર ન કરવો, તેમ રહેવાસાનો વ્યાપાર ન કરવો વગેરુ રહેવાનુ પડે તેની જયણા

૫ ફોડીકર્મ સુરંગ કરાવી જમીન ફોડાવવાના ધંધા કરવો નહિ.

૬ દંત વાણિજ્ય—હાથી દાંત વિગેરેના વ્યાપાર ન કરવો

૭ લખ્ખવાણિજ્ય—લાખ તથા ગુંદનો વ્યાપાર ન કરવો

૮ રસવાણિજ્ય-- ઘી, ગોળ, તેલના વ્યાપારનો ત્યાગ કરવો જયણા રાખવી હોય તો નિયમ કરી લેવો

૯ વિષવાણિજ્ય—અફીણ, ઝેર વિગેરે વ્યાપાર ન કરવો

૧૦ કેશવાણિજ્ય—પશુ પખીના કેશ, પીછા, ઉન, વિગેરેનો વ્યાપાર ન કરવો

૧૧ યંત્ર પિલણ કર્મ—તે મીલ, ઈંજન, સંચા, ઘાણી, ઘરટા વિગેરથી ધંધા ન કરવો

૧૨ નિલંછન કર્મ—કાન્ય બલદ ઘોડા વિગેરેને સમરાવવા નહિ

૧૩ દવ—વનમા અગ્નિદાહ દેવા નહી

૧૪ શોષણકર્મ—સરોવર તળાવ વિગેરેના પાણીનુ શોષણ કરાવવુ નહિ કારણસર કુવા ટાકા ગળાવવા પડે તેની જયણા

૧૫ અસતી પોષણ—રમતને ખાતર કુતરા બીલાડા મેના પોપટ વિગેરે પાળવા નહિ

આ ૫૬૨ કર્માદાનમા જેને જે રીતે ત્યાગમા ફેરફાર કરવો હોય તેણે આ નીચેની જગ્યામા અનુક્રમે લખી લેવુ

૮ અનર્થદંડ વિરમણ વ્રત.

કોઇના કામો આપના હોય ત્યાં જોવા જવું નહિ, કોઇ પણ પક્ષીઓના ક્રીડા માટે શોખ પાળવા નહિ, તેમજ કુતરા બિલાડા વિગરે હિંસક જાનવરોને પાળવા નહિ હાથી, ઘોડા, ઘેટા, કુકડા વિગરેની લડાઇની રમત જ્યાં થતી હોય ત્યાં જોવા જવું નહિ, જાનવરોની સરકસ આદિમાં જવાય તેની જયણા રસ્તે ચાલતા જોવાઇ જવાય તેની જયણા અને ત્યાં સુધી સ્ત્રી કથા, રાજ કથા, દેશ કથા તથા ભોજન કથા વિના કારણ નહિ કરવાનો ઉપયોગ રાખવો પણ પચ્ચખાણ નહિ,

આ સિવાય કોઇપણ અનર્થ દંડ થતા હોય તો બનતા સુધી ઉપયોગ રાખવો પણ પચ્ચખાણ નથી, શસ્ત્રના વ્યાપારનો આમાં સમાવેશ થાય છે તો તેનો ત્યાગ કે જયણા નીચે લખી લેવું આપણે હથીઆરનો વેપાર કરવો નહી પણ ઘરને માટે તથા વાપરવાને માટે જયણા

૯ સામાયિક વ્રત.

દર વર્ષે સામાયિક ૬૩ રોગાદિક કારણે જયણા.

વરસની અંદર પૂર્ણ ન થાય તો બાકીની સામાયિકને બદલે દરેક સામાયિક દીઠ ત્રણ બાધો નવકારવાળી ગણવી ચાલતા સુધી આળસ કરવી નહીં

૧૦ દેશાવગાસિક વ્રત.

ચૌદ નિયમ ધારવા અને સક્ષેપવાનો ખપ કરે એનો અધિકાર સાતમા વ્રતમા આવેલો છે વળી પરંપરાથી દશ સામાયકનું દિશાવગાસિક વ્રત ચાલે છે તે દર વરસે કુષ્ઠ રોગાદિક કારણે જયણા

૧૧ પૌષધ વ્રત

દર વરસે આઠ પહોરના અથવા ચાર પહોરના પૌષધ કરે. આઠ પહોરનો ન બને તો પોશા કરવા

૧૨ અતિતિ સંવિભાગ વ્રત.

પૌષધના પારણે અથવા તેમ ન બને તો વર્ષ એકમા બાર વાર સાધુને દાન આપ્યા પછી જમવુ અને આખા વર્ષમા કોઈ ઉત્તમ સાધુને જોગ ન બને તો કોઇ ઉત્તમ સાધર્મી ભાઇને વાર જમાડીને પછી જમવુ,

	આરતિથિ	લીલોતરી (ત્યાગ કે જયણા લખવું)	ખાંડવું દળવું (ત્યાગ કે જયણા લખવું)
ના૮	૨		
	૫		
	૮		
	૧૧		
	૧૪		
	૧૫		
૧૮	૨		
	૫		
	૮		
	૧૧		
	૧૪		
	૧૫		

લીલોત્રી તથા લીલાં ફળની ટીપ.

લીલોતરી તથા લીલા ફળ જે ખપે તેની નોંધ આ નીચેના ખાલી પાનામાં કરવી

* બાવીસ અભક્ષ્ય

નામ	ત્યાગ	જયણા
૧ મધ		
૨ માખણ		
૩ મદિરા		
૪ માસ		
૫ ઉબરાના ફળ		
૬ વડના ટેટા		
૭ કોઠીબડા		
૮ પીપળાની પેપડી		
૯ પીપળના ટેટા		
૧૦ કૃત્રિમ બરફ (Ice)		

૧૧ ઝેર (અફીણ
વિગેરે)

૧૨ કરા

૧૩ કાચી માટી
(મીઠું વિગેરે

૧૪ રાત્રી ભોજન

૧૫ બહુબીજ

૧૬ અથાણો

૧૭ દ્વિદલ

૧૮ રીંગણા

૧૯ અજાણ્યા ફળ

૨૦ તુચ્છ ફળ

૨૧ ચલિતરસ

૨૨ અનંતકાય

એ બાવીસ અભક્ષ્યનો આહાર ભોજનમાં આગાર છે

બત્રીશ અનંતકાયના નામ

નામ	ભોગ	જયણા
૧ સુરણ કંદ		
૨ વજકંદ		
૩ લીલી હળદર		
૪ આલુ [બટેટા]		
૫ લીલો કચુરો		
૬ સતાવરી		
૭ હીરલીકંદ		
૮ કુંવાર		
૯ થોર		
૧૦ ગળો		
૧૧ લસણ		
૧૨ કારેલા		

એ બત્રીશે અનંતકાયનો ઔષધ ભેષજમાં આગાર છે

૧૩ ગાજર

૧૪ સોઢ

૧૬ ગિગીકરણું

૧૭ કુમળા પાન

૧૮ ખરસવો

૧૯ થેક.

૨૦ લીલામાથ

૨૧ લુણીના ઝાડની
છાલ

૨૨ ખાલોડા

૨૩ અમૃતવેલ

૨૪ મૂળા

૨૫ ભૂમિફોડા

૨૬ નનાએડગ

૨૭ વાયુલાની ભાજી

૨૮ સુવરવેલ

૨૯ પાલકાની ભાજી

૩૦ કુણાં આમલાં

(કોમળ ફળ)

૩૧ રતાળુ

૩૨ પીંડાળુ

બાર તિથિ		બ્રહ્મચર્ય પાળવું	બ્રહ્મચર્યની જયણા
સુદ	૨		
	૫		
	૮		
	૧૧		
	૧૪		
	૧૫		
વદ	૨		
	૫		
	૮		
	૧૧		
	૧૪		
	૦))		

સંક્ષિપ્ત

પ્રસિદ્ધવક્તા મુનિમહારાજ શ્રી ચારિત્ર વિજયજીની સહાયના થી પ્રસિદ્ધ થયેલ ઉત્તમ પુસ્તકો

૧	શ્રી દ્રવ્યગુણપર્યાય રાસ	૧।
૨	શ્રી સમાધિ સમતા અનુભવ શતક	૦॥
૩	શ્રી જીન દેવ દર્શન (દર્શન કરવાની રીત)	૦)॥
૪	શ્રી આગમસાર	૦॥=
૫	વ્યાખ્યાન ભાષણ સંગ્રહ	[illegible]॥
[illegible]	સામાયક સુત્ર (હિંદુ ભાવાર્થ સહીત)	૦।
૭	પ્રદ્યુમ્ન ચરિત્ર	૨॥
૮	[illegible] ચરિત્ર	૧
૯	શ્રાવક [illegible] અર્થ સહીત	૧
૧૦	નય કર્ણિકા	૦=
૧૧	જૈન જ્ઞાન પહેલી	સિલકમાં નથી
૧૨	" બીજી	

[illegible]

લખો મેઘજી હીરજીની કું.

પાયધુની નં. ૫૬ મુંબઈ

શ્રી જૈન

સંગીત-રાગમાળા

જેમાં

હારમોનીયમ વગાડવાની તથા ચાવીની સમજ-તબ
લાના બોલો, સરગમો વિગેરે ગાયનકળાને લગતી
સર્વ સમજ-તથા ગુણવિલાસ ચોવીસી તથા
ભક્તામરસ્તોત્ર મૂળ-અર્થ-સ્તવન સહીત
અધ્યાત્મિક-પ્રાચીન પંડીતોના બનાવેલા
તથા હાલના જમાનાને અનુસરતા ના-
ટકના રાગોના સ્તવનો, આરતી,
મંગળ દીવો-ચૈત્યવંદન ચો-
વીશી થોય ચોવીશી-સ-
ઝાયો-સામાયક લેવા
પારવાનો વિધિ-
વિગેરે ઘણી
બાબતોનો
સંગ્રહ
છે

કીંમત રૂ ૧